સત્સંગ



# મુક્તિ-પર્વતની ગોદમાં ભગવાન મુક્તિનાથનું મંદિર છે



**મહાભારતનું મનોરૂપ** — ભાણદેવ

આ જળસિંચાઈની આ વ્યવસ્થા સરકાર તરફથી થઈ નથી. અહીંની મહેનતુ પ્રજાએ પોતાની સૂઝ અને સહિયારા પુરુષાર્થથી આ સુવિધા ઊભી કરી છે. ઉનાળામાં ખેતરો ખુલ્લાં થાય અને જળધારાઓ ચાલુ થાય એટલે અહીંના નિવાસીઓ પોતાનાં ખેતરોમાં એક પાક લઈ લે છે.

આ વિસ્તારની વસતિ સો ટકા બૌદ્ધ છે. ક્યાંક-ક્યાંક નાનાં-નાનાં બૌદ્ધ ગોમ્પાઓ અને ચકરડી (ભંત્ર-ચક્ર) ફેરવતા બૌદ્ધ સાધુ-લામાઓ જોવા મળે છે.

અમે વચ્ચે ક્યાંય રોકાયા વિના સીધા જ ભગવાન મુક્તિનાથના મંદિર તરફ ચાલ્યા. ગામથી મંદિર સુધી ચડાઈનો રસ્તો છે. રસ્તો ઊબડખાબડ છે. આખો દિવસ ચાલીને થાકેલા અમે માંડ-માંડ ઉપર ચડીએ છીએ. સાંકડી અને વાંકીચૂકી પગદંડી છે. કોટ ગામ અને રાણીપાવની વસાહતને પાછળ મૂકીને ચાલતાં સૌથી છેલ્લે ભગવાન મુક્તિનાથનું મંદિર આવે છે. મંદિરની ચારેબાજુ અહીંની ઠંડીમાં અને બરફમાં ટકી શકે તેવાં વૃક્ષોનું હમણાં-હમણાં વાવેતર થયું છે.

આ સમગ્ર ક્ષેત્રને મુક્તિક્ષેત્ર કહે છે. મંદિરની પાછળ રહેલા પહાડને મુક્તિ-પર્વત કહેવામાં આવે છે. જેમ નારાયણ પર્વતની ગોદમાં ભગવાન બદરીનાથનું મંદિર છે, તેમ અહીં મુક્તિ-પર્વતની ગોદમાં ભગવાન મુક્તિનાથનું મંદિર છે. બદરીનાથ ધામ કરતાં આ મુક્તિનાથ ધામમાં ઠંડી અને બરફ વધારે છે, વધારે જ નહિ, ખૂબ વધારે છે. આ મુક્તિ-પર્વત મોટા ભાગે બરફથી છવાયેલો રહે છે. આ મુક્તિ-પર્વતમાંથી અનેક જલધારાઓ નીકળીને મંદિરના પરિસરમાં આવે છે. બદરીનાથના મંદિરની લગભગ નીચેથી ઉષ્ણ જલધારા આવે છે અને તે તપ્તકુંડમાં પ્રગટે છે. અહીં મુક્તિનાથમાં અનેક શીત જલધારાઓ આવે છે અને સાથે-સાથે એક ઉષ્ણ જલધારા પણ વહે છે.

આ આખું ગામ તિબેટિયન વંશની બૌદ્ધ પ્રજાનું ગામ છે. નારાયણી ગંગાના કિનારે વસેલા આ ગામમાંથી કોઈ ને કોઈની પાસેથી અમને સારા શાલિગ્રામ મળી રહેશે, એમ અમે સાંભળ્યું હતું, પણ ગામમાં કોઈ માનવીનાં દર્શન જ ન થયાં. કોને પૂછવું? અજાણ્યા પ્રદેશમાં કોના ઘરનું બારણું ખખડાવવું?

કાકબેનીથી પગદંડી બે ભાગમાં વહેંચાઈ જાય છે : એક પગદંડી નારાયણી ગંગાને કિનારે દામોદરકુંડ તરફ જાય છે. આ રસ્તા પર સંભર નામનું એક નાનું ગામ

> ભગવાન મુક્તિનાથના મંદિર તરફ ચાલ્યા. ગામથી મંદિર સુધી ચડાઈનો રસ્તો છે. રસ્તો ઊબડખાબડ છે. આખો દિવસ ચાલીને થાકેલા અમે માંડ-માંડ ઉપર ચડીએ છીએ. સાંકડી અને વાંકીચૂકી પગદંડી છે

અને મસ્તાંગ નામનું મોટું ગામ આવે છે. મસ્તાંગ આ વિસ્તારની રાજધાની ગણાય છે. કાકબેનીથી બીજી પગદંડી મુક્તિનાથ તરફ જાય છે. અમારે મુક્તિનાથ જવું છે અને અમે તે પગદંડી પકડી.

અતિ કઠિન ચડાઈ છે. પોચી માટીના પહાડો છે. ઝંઝાવાતી ઠંડો પવન ફૂંકાય છે. આ ઠંડો પવન ભાલાની જેમ ગામ સોંસરવો નીકળી જાય છે અને છતાં અતિ કઠિન ચડાઈ ચડતાં પરસેવો વળે છે. સદ્ભાગ્યે આકાશ સ્વચ્છ છે. નારાયણી ગંગાનો કિનારો છોડીને મુક્તિનાથ તરફ વળીએ એટલે એક સાવ ભિન્ન પ્રકારની દુનિયામાં પ્રવેશ થાય છે. અમે તિબેટમાં હોઈએ તેમ લાગે છે. ધરતી તિબેટ જેવી. લોકો તિબેટિયન વંશના, હવામાન તિબેટ જેવું, ધર્મ તિબેટિયન બૌદ્ધ અર્થાત્ લામાધર્મ, હા, રાજકીય રીતે આ નેપાલનો ભાગ હોવા છતાં અહીં બાકીનું બધું તિબેટ જેવું જ જણાય છે. સદીઓ પહેલાં તિબેટની પ્રજા અહીં આવીને વસી છે. અહીં તેમણે પોતાનું એક નાનું રાજ્ય સ્થાપ્યું છે. મસ્તાંગ આ નાના રાજ્યની રાજધાની છે. આજે પણ મસ્તાંગમાં તેમના રાજા રહે છે. અહીંની પ્રજા તેમને જ પોતાના રાજા ગણે છે.ક્રમશઃ

# શિક્ષાપત્રીનાં ૨૦૦ વર્ષ

**સંસ્કૃતિ દર્શન** — સનત દવે



આ સનાતન ધર્મના અનેક સંપ્રદાયોમાં ગુજરાતમાં જ સ્થાપિત સ્વામીનારાયણ સંપ્રદાયના કરોડો અનુયાયીઓ છે. જો કે સ્વામીનારાયણ સંપ્રદાયમાં પણ અનેક ફાંટાઓ પડતા પૂજનીય સ્થાને તો ભગવાન સ્વામીનારાયણ જ રહ્યા છે. માંડ બસો-સવા બસ્સો વર્ષ પહેલા ઉદ્ભવેલા આ સંપ્રદાયોના પહેલી-બીજી હરોળના સંતો સિવાયના અન્ય કેટલાંક સંતો હંમેશ વિવાદમાં રહ્યા છે. સંપ્રદાયની સ્થાપના અને સ્થાપક વિશે સંક્ષિપ્તમાં જાણીએ.

અયોધ્યા પાસેના છપૈયા ગામે ધાર્મિક બ્રાહ્મણ પરિવારના ધર્મદેવ (દેવશર્મા) અને ભક્તિ માતા (પ્રેમવતી)ના ત્રણ સંતાનોમાં ઘનશ્યામ, રામપ્રતાપ અને ઈચ્છારામમાં ઘનશ્યામે ઈશ્વરની નિકટતા પામવા ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસ સુધી બદ્રીનાથથી રામેશ્વર સુધી વનવિચરણ કર્યું. પગપાળા યાત્રા બાદ ગુજરાતમાં જૂનાગઢ પાસેના લોજ ગામે આવ્યા. અહીં પાસેના પીપલાણા ગામે સમર્થ સંત રામાનંદ સ્વામીના સંસર્ગમાં આવ્યા અને વિક્રમ સંવત ૧૮૫૭માં કારતક સુદ અગિયારસના શુભ દિવસે તેમની પાસે દીક્ષા લીધી. હવે તેમનું ઘનશ્યામમાંથી ભગવાન સ્વામીનારાયણ તરીકેનું નામકરણ થયું. સત્સંગી સંતો અને શિષ્યોની સંખ્યા વધતા એક સંપ્રદાયનો ઉદ્ભવ થયો. ધર્મના પ્રચાર-પ્રસારાર્થે તેઓ ગુજરાતમાં વિચરણ કરતા રહ્યા. જૂનાગઢના ફરેણી ગામે સૌ પ્રથમવાર સ્વામીનારાયણ નામનો ઉદ્ઘોષ કર્યો અને ત્યારથી લગભગ ૫૦૦ સાધુ-સંતોનો આ સંપ્રદાય સ્વામીનારાયણના નામે ઓળખાતો થયો. ભગવાન સ્વામીનારાયણ પછી તો શ્રીજી મહારાજ, નીલકંઠ વર્ણી, ઘનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, સહજાનંદ સ્વામી, નારાયણ મૂનિ જેવા વિવિધ નામે, વિવિધ સમયે ઓળખાતા થયા હતા.

ભગવાન સ્વામીનારાયણે તેમની પ્રત્યક્ષતામાં જ કેટલાંક મંદિરો બંધાવેલા, જેમાં કાલપુર-અમદાવાદનું મંદિર, ભૂજ મંદિર, વડતાલ મંદિર, ધોલેરા, મંદિર, જૂનાગઢ મંદિર તથા ગઢડા મંદિર જેવા મંદિરો સ્થાપિત થયેલા. આ મંદિરોના સંચાલન માટે તેમના ભાઈ રામપ્રતાપને કાલુપુર મંદિરની ગાદી સોંપી અને બીજા ભાઈ ઈચ્છારામના પુત્ર રઘુવીરજીને વડતાલ ગાદી સોંપવામાં આવેલી. આથી તેઓ મંદિરના આચાર્ય કહેવાયા. સંવત ૧૮૮૩ જેઠ સુદ દશમ (૧ જૂન-૧૮૩૦)ના રોજ ભગવાન સ્વામીનારાયણનું અક્ષરધામ ગમન થયેલું. વડતાલ અને કાલુપુર મંદિરોમાં આચાર્ય પરંપરા જળવાયેલી હતી, પણ દેવપક્ષ અને આચાર્ય પક્ષે વિવાદ સર્જાતા તેમાં બે ફાંટા પડી ગયેલા. આ સંપ્રદાયમાં પાંચ-છ ફાંટા પડી ગયાની વિગતો ખૂબ વિગતે લખવા જઈએ તો વિશેષરૂપે એક આખો લેખ તૈયાર થઈ શકે જે પછી ક્યારેક પણ લોકોમાં ધાર્મિકતા અને આધ્યાત્મિકતાનો સંચાર કરતા સંપ્રદાય વિષે ટૂંકમાં જોઈએ તો BAPS, SMVS, વઢવાણ, હરિધામ સોખડા, મણીનગર સ્વામીનારાયણ (અબજી બાપા) તેમજ મણીનગરનું જ એક કુમકુમ સંસ્થા એમ સૌનું પોતાનું વિશેષ અસ્તિત્વ છે.

ભગવાન સ્વામીનારાયણે સ્વયં શિક્ષાપત્રીની સ્વહસ્તે રચના કરી હતી. મહાસુદ વસંતપંચમીને સંવત ૧૮૮૨માં કુલ ૨૧૨ શ્લોક સાથેની શિક્ષાપત્રીની રચના વડતાલમાં કરવામાં આવી હતી. જો કે આ હસ્તપ્રત લંડનની ઓક્સફર્ડ યુનિ.ની બોડલીયન લાઈબ્રેરીમાં સચવાયેલી છે. મૂળ સંસ્કૃતમાં લખાયેલી શિક્ષાપત્રી દેશ-વિદેશની ૨૬ જેટલી ભાષાઓમાં અનુવાદિત થઈને પ્રકાશિત કરાયેલી છે. સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ ગુજરાત કે ભારત પૂરતા સીમિત નથી, પણ વિદેશોમાં પણ ઘણાં છે. માણસને ધર્મ સાથે જોડતું આધ્યાત્મિક સ્થાન મંદિરો છે. તેથી આ સંપ્રદાયના વધુને વધુ મંદિરો છે, જેમાં BAPS અધિક મંદિરો હોવાનું મનાય છે. આ સંસ્થાના ભારતની બહારના ૭૩ મંદિરો સહિત કુલ ૧૩૦૦ થી વધુ મંદિરો છે. અહીં બધે જ સનાતની પરંપરાનુસાર પૂજા, આરતી, ધૂન, ભજન, સત્સંગ, યજ્ઞ, હવન તથા ધાર્મિક તહેવારોની ઉજવણીઓ પણ થાય છે.

> ૨૦૦ વર્ષ પહેલાં રચાયેલ સંપ્રદાયનું ધર્મ પુસ્તક શિક્ષાપત્રી માણસને સાત્વિક જીવન જીવવાની પ્રેરણા આપે છે. સદાચાર અને ધર્મપાલનની રાહ બતાવતી શિક્ષાપત્રી દરેક વર્ગ માટે કલ્યાણકારી છે. આ સંપ્રદાયની વિવિધ સંસ્થાઓ દ્વારા દસ દિવસ પહેલાં જ શિક્ષાપત્રીનો દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી

૨૦૦ વર્ષ પહેલાં રચાયેલ સંપ્રદાયનું ધર્મ પુસ્તક શિક્ષાપત્રી માણસને સાત્ત્વિક જીવન જીવવાની પ્રેરણા આપે છે. સદાચાર અને ધર્મપાલનની રાહ બતાવતી શિક્ષાપત્રી દરેક વર્ગ માટે કલ્યાણકારી છે. આ સંપ્રદાયની વિવિધ સંસ્થાઓ દ્વારા દસ દિવસ પહેલાં જ શિક્ષાપત્રીનો દ્વિશતાબ્દિ મહોત્વની ઉજવણી કરવામાં આવી હતી. સૌ પ્રથમ બનેલા સ્વામીનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ દ્વારા શિક્ષાપત્રીની દ્વિશતાબ્દિ મહોત્સવની બહુ ભવ્ય ઉજવણી કરાયેલી ગત તા. ૨૩ થી ૨૭ જાન્યુ. ૨૦૨૬ દરમ્યાન અડાલજ પાસેના ૨૦૦ વિઘા વિસ્તારમાં આખી સ્વામીનારાયણ નગરી ઊભી કરવામાં આવી હતી. દેશ-વિદેશના બારથી પંદર લાખ હરિભક્તો ઉમટી પડ્યા હતા અને દરેકને માટે ચૂલા પર રાંધેલા ભોજનનો લાભ મળ્યો હતો. ભેદભાવ વગર સૌને એક સરખું ભોજન પીરસવા માટે ૫૦૦ જેટલા સ્વયંસેવકો માત્ર રસોડાની સેવામાં હતા તો બાળનગરી, ફૂડકાર્ટ, યજ્ઞશાળા, ચિત્રોની પ્રદર્શની વગેરે વિભાગોની સેવા માટે ૫૦૦૦ થી વધુ હરિભક્તો સતત સેવામાં કાર્યરત હતા. સંતો, મહંતો, પંડિતો અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો અહીં ઉપસ્થિત હતા. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો સંદેશ આપેલો તો ગૃહમંત્રી અમિતભાઈ શાહ અહીં રૂબરૂ ઉપસ્થિત રહ્યાં હતાં. (લેખમાં ખરી માહિતી આપવાનો પૂરો પ્રયાસ છે છતાંયે ક્યાય વિસંગતતા જણાય તો ક્ષમ્ય ગણવી.)

## ‘શિક્ષાપત્રી મંથન ગ્રંથ’નું રસપ્રદ સર્જન



આનંદપ્રિયદાસજી દ્વારા સંસ્થાપિત અમદાવાદના મણીનગર ખાતેના કુમકુમ સ્વામીનારાયણ મંદિરના સાધુ પ્રેમવત્સલદાસજીએ શિક્ષાપત્રીના ઉદ્ભવના ૨૦૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે એક ‘શિક્ષાપત્રી મંથન ગ્રંથ’નું પ્રકાશન કર્યું છે. નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના અનેક મહાનુભાવોના શુભેચ્છા સંદેશ સાથેના આ પુસ્તકમાં ૨૫ વિભાગો છે. શિક્ષાપત્રીના ગુઢ અર્થો, રહસ્યોને વધુ સરળ અને વિદ્યાર્થીઓને પણ સમજવામાં સહેલું થાય તેવી ભાષામાં ચિત્રો સાથેનું સહજ પ્રકાશન વાંચકને ખૂબ ઉપયોગી થાય તેવું છે.

નૈતિક સદાચાર, ધર્મ-આચરણ, હરિભક્તએ નિત્ય કરવાના કર્મ, વ્યવહારિક નીતિ, સામાજિક-વ્યવસાયિક નીતિ, ગૃહસ્થોએ રાખવાની મર્યાદા, વ્યસન મુક્તિ, આહાર શુદ્ધિ, ભક્તિ, અહિંસા ધર્મ, જ્ઞાન-વૈરાગ્ય તેમજ સાધુઓએ, સંતોએ, ગૃહસ્થીએ, સ્ત્રીઓએ, યુવાઓએ, બ્રહ્મચારી વગેરેના ધર્મ-નિયમો જેવા રસપ્રદ વિષયોની સાથે સંપ્રદાયના સંતો અને ભક્તોના પ્રેરણાદાયી પ્રસંગો આલેખાયેલા છે, જે શિક્ષાપત્રીના સિદ્ધાંતો સમજવામાં ખૂબ સરળ કરી દે તેવા ઉપયોગી છે. આ ગ્રંથના લેખક સાધુ પ્રેમવત્સદાસજી મોટીવેશનલ સ્પીકર છે એટલે લોકમાનસના અભ્યાસુ હોવું એ સ્વાભાવિક છે. તેઓ માને છે કે, આજનો યુવાન ફેસબૂકમાંથી ફેસ હટાવી બૂક તરફ ફેસ કરે એવું રસપ્રદ રીતે ધાર્મિક સાહિત્ય પીરસવું જોઈએ અને એવા જ આશયથી પ્રકાશિત ‘શિક્ષાપત્રી મંથન ગ્રંથ’નું સર્જન થયું છે.

# સ્વતંત્રતાની પાંખો

**ઓશો વાણી**

સ્વતંત્રતા ત્રણ પ્રકારની હોય છે. પ્રથમ કોઈ ચીજથી જે નકારાત્મક સ્વતંત્રતા છેઃ અર્થાત પિતાથી સ્વતંત્રતા, માતાથી સ્વતંત્રતા, સમાજથી સ્વતંત્રતા. આ એક પ્રકારની નકારાત્મક સ્વતંત્રતા છે - કોઈ વસ્તુથી સ્વતંત્રતા - જે શરૂઆતમાં સારી લાગે છે, પરંતુ તે ધ્યેય ન હોઈ શકે. એકવાર જો તમે તમારા માતા-પિતાથી મુક્ત થઈ જશો, તો તમે શું કરશો? એક વાર તમે સમાજ થી સ્વતંત્ર થઈ જશો તો તમે મૂંઝવણમાં મુકાઈ જશો. તમે બધો અર્થ અને મહત્વ ગુમાવી દેશો કારણ કે તમારું આખું જીવન “ના” કહેવામાં વિતાવ્યું છે. હવે તમે કોને ના કહેશો? બીજા પ્રકાર ની સ્વતંત્રતા કોઈ વસ્તુ માટે છે. જે સકારાત્મક સ્વતંત્રતા છે. તમે કંઈક નકારવાને બદલે કંઈક સૃજન કરવા ઈચ્છો છો. ઉદાહરણ તરીકે, તમે કવિ બનવા માંગો છો, અને તમારા માતા પિતા એ તમને ફક્ત કવિ બનવા માટે નાકહ્યું છે. પરંતુ તમારી મૂળ પ્રકૃતિ કવિ બનવાની છે, જ્યારે તમારા માતાપિતા ઈચ્છે છે કે તમે પ્લમ્બર બનો. “પ્લમ્બર બનવું સારું છે કારણ કે તે તેમાં સારી કમાણી છે, તેમાં કોઈ રકમ નુ રોકાણ કરવાની જરૂર નથી, અને સાથે તેમાં માન-સન્માન પણ છે. અને કવિ બનવું? લોકો એમ જ વિચારશે કે તમે સનકી છો, અને તમારૂ જીવન કેવી રીતે ચાલશે? તમે તમારી પત્ની અને બાળકોનુ ભરણ-પોષણ કેવી રીતે કરશો? કવિતામાંથી તમે રૂપીયા કમાઈ શકતા નથી.” પરંતુ જો તમારે કવિતા કરવી જ હોય તો, તો બધા પ્રકારના જોખમો માટે તૈયાર રહો. તેમાં વધુ સ્વતંત્રતા છે, પહેલી સ્વતંત્રતા કરતાં વધુ સારી. આ સકારાત્મક સ્વતંત્રતા છે, “સ્વતંત્રતા કોઈ વસ્તુ માટે” પછી ભલે તમારે ગરીબીનું જીવન જીવવું પડે, તમે તો પણ ખુશ રહેશો; તમે પ્રસન્ન રહેશો. તમારે કવિ હોવા છતાં જો લાકડા કાપવા પડે, તો પણ તમે આનંદિત રહેશો, કારણ કે તમે તે જ કરો છો જે કરવા માંગતા હતા, તમે તમારું કામ કરી રહ્યા છો. આ સકારાત્મક સ્વતંત્રતા છે.

આ પછી, એક ત્રીજી અને સર્વોચ્ચ સ્વતંત્રતા છે. પૂરબમાં, આપણે તેને મોક્ષ કહીએ છીએ અંતિમ સ્વતંત્રતા, નકારાત્મક અને સકારાત્મક બંને સ્વતંત્રતાઓથી અલગ છે.

પહેલા ના કહેવાનું શીખો, અને પછી હા કહેવાનું શીખો, અને પછી બંનેને ભૂલી જાઓ, ફક્ત મુક્ત થઈ જાઓ. ત્રીજી સ્વતંત્રતા કોઈની વિરુદ્ધ સ્વતંત્રતા નથી અને કોઈ વસ્તુ માટે નથી; આ તો બસ મુક્તતા છે.



આમાં, વ્યક્તિ સામાન્ય રીતે મુક્ત છે; કોઈની વિરુદ્ધ જવાનો કોઈ પ્રશ્ન નથી, અને કોઈ ના પક્ષ માં જવાનો પણ કોઈ પ્રશ્ન નથી.

Be still and know book પુસ્તકમાંથી સૌજન્યઃઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૪૮

# શકટાસુર ભંજન


**અધ્યાત્મ દર્શન** — અનુપ શાહ

લાલજી માટે યોજાયેલા અંગ પરિવર્તન ઉત્સવમાં યશોદાજી બળદગાડાની નીચે સુવડાવેલા ‘લાલજી’ને જ ભૂલી ગયાં. ઈશ્વરને ભૂલીને સત્કાર્યમાં જોડાયાં, વ્યવહારિક કાર્યમાં જોડાયાં પરંતુ વ્યવહારનું લક્ષ્ય ચૂકી ગયાં. યશોદાજી દ્વારા સંભાળ લેવામાં વિલંબ થતા લાલજી વિચાર કરવા માંડયા કે ‘ઉત્સવ મારો કરે છે અને મને જ ભૂલી ગઈ છે’. આથી તેઓ દુગ્ધપાનની ઈચ્છાથી યશોદાજીનું ધ્યાન ખેંચવા રડવા માંડ્યા પરંતુ થઈ રહેલા ઉત્સવના અવાજોને કારણે બાળકનું રડવું માતાને સંભળાયું નહિ. બાળકૃષ્ણ અત્યંત ભૂખા થયા હતા અને યશોદાજી તેમના તરફ ધ્યાન આપતાં ન હતાં, આથી સામાન્ય બાળકની માફક જ લાલજી પણ ક્રોધે ભરાઈને રડવા સાથે જ પગ પણ પછાડવા માંડ્યા પરંતુ ઉત્સવની ધમાલ અને અવાજોમાં યશોદાને તે અવાજ પણ સંભળાયો નહિ. થોડી વારમાં જ બાળકૃષ્ણના કોમળ ચરણોના પ્રહારથી ગાડું ઊંધું વળી ગયું. ગાડા પર રાખવામાં આવેલા જાત જાતના રસોથી, દહીં, દૂધ માખણ વગેરેથી ભરેલા કાંસા વગેરેનાં વાસણો ફૂટી ગયાં. ગાડાના પૈડાં, ધરી, ધૂંસરી બાંધવાનું લાકડું વગેરે પણ ભાંગીને જુદા પડી ગયાં. યશોદા, રોહિણી તેમ જ ઉત્સવમાં પધારેલી અન્ય સ્ત્રીઓ, ગોપીઓ, નંદ વગેરે પુરુષો પણ આ જોઈને ગાડાની આજુબાજુ ભેગા થઈ ગયા અને આશ્ચર્યચકિત થઈ ગયા. નંદને ફરી વસુદેવ યાદ આવ્યા અને ઉત્પાતની શંકાથી ગભરાવા માંડ્યા. આ શાને કારણે થયું તેની તપાસ કરવા માંડ્યા પરંતુ કોઈને પણ કારણની ખબર પડી નહિ.

‘બ્રહ્માંડપુરાણ’માં આ પ્રસંગને ‘શકટાસુર ભંજન’ તરીકે વર્ણવ્યો છે. ‘શકટ’ એટલે ‘ગાડું’ અને તેમાં જે અસુર હતો તે ‘પૂતનાનો ભાઈ’ હતો તેવું વર્ણન છે. પૂતનાના વધ પછી તેનો બદલો લેવા તે આવ્યો હતો અને ગાડા પર બેસી ગાડાની નીચે લાલજીને દબાવીને મારી નાખવાની ઈચ્છા ધરાવતો હતો. અગાઉના જન્મમાં તે ‘ઉત્કચ’ નામનો અસુર હતો અને હિરણ્યાક્ષનો પુત્ર હતો. તેણે એક ઋષિનું અપમાન કર્યું હતું એટલે ઋષિએ તેને શ્રાપ આપ્યો હતો કે ‘તું સૂક્ષ્મ રૂપે થઈ જા’. ઉત્કચે માફી માંગી એટલે શ્રાપના નિવારણમાં ઋષિએ કહ્યું કે શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ થશે એટલે તારો ઉદ્ધાર થશે. આ ઉત્કચ અસુર સૂક્ષ્મરૂપે ગાડામાં આવ્યો હતો. તેણે આપેલા વજનથી ગાડાનાં પૈડાં જમીનની અંદર ખૂંપવા માંડ્યાં હતાં. તેથી જ ગાડું ઊંચું હોવા છતાં ભગવાનનો પગ તેના પર સ્પર્શી ગયો અને ગાડું ઊંધું વળી ગયું. આમ બાળકૃષ્ણે ગાડામાં ‘શકટાસુર’ એટલે કે ‘ઉત્કચ’ને મારી નાખી તેમના ચરણસ્પર્શથી તેનો ઉદ્ધાર કર્યો.

ગાડાની નજીક ઉભેલા બાળકો કે જેઓને બાળકૃષ્ણ સાથે રમવાનું કામ સોંપવામાં આવ્યું હતું, તેમણે પણ ગાડું ઊંધું વળવાનું કારણ શ્રીકૃષ્ણના ચરણોની લાતો સિવાય બીજું કઈ નહિ હોવાનું જણાવ્યું. શ્રીકૃષ્ણના બળને નહિ જાણતા ઉપસ્થિત લોકો તે બાળકોને ખોટા પાડીને ધમકાવવા માંડ્યા. યશોદાને ફરી વાર આવી ભૂલ નહિ થાય તેની કાળજી રાખવાની સલાહ આપવા માંડ્યા. કેટલાકે એવું અનુમાન લગાવ્યું કે બે બળદોના લડવાથી ગાડું ઊંધું વળી ગયું હશે. નંદ અને યશોદાનાં નેત્રો અશ્રુઓથી વ્યાપ્ત થઈ ગયાં.

આ મન જ જીવનરથને ખાડામાં નાખે છે. આમાં વળી જો આ મન દ્વારા સંચાલિત જીવનરથની નીચે પરમાત્માને રાખવામાં આવે તો પરમાત્મા એવા જીવન ગાડાને ઠોકર મારશે જ અને જીવન ગાડું ઊંધું પડી જશે. જીવનના કોઈ પણ કાર્યમાં જે મુખ્ય વસ્તુ હોય તેને ઉપર રાખવી અને ગૌણ વસ્તુને નીચે રાખવી જોઈએ. પરમાત્મા એ મુખ્ય છે અને ઈન્દ્રિયોના વિષયો ગૌણ છે પરંતુ જેના જીવનમાં વિષયો મુખ્ય હોય અને પરમાત્મા ગૌણ હોય તેનું ગાડું



> જીવનના કોઈ પણ કાર્યમાં જે મુખ્ય વસ્તુ હોય તેને ઉપર રાખવી અને ગૌણ વસ્તુને નીચે રાખવી જોઈએ. પરમાત્મા એ મુખ્ય છે અને ઇન્દ્રિયોના વિષયો ગૌણ છે પરંતુ જેના જીવનમાં વિષયો મુખ્ય હોય અને પરમાત્મા ગૌણ હોય તેનું ગાડું ઊંધું પડે તેમાં શું આશ્ચર્ય?

યશોદાએ ગાડાની નીચેથી રડતા પુત્રને તેડી લઈ સ્તનપાન કરાવ્યું અને વારંવાર પશ્ચાત્તાપ કરતા તેઓ લાલાને સંભાળવા માંડ્યા. પુત્રને કુશળ જોઈ બ્રાહ્મણોના આશીર્વાદોને સફળ થયેલા માનવા લાગ્યા. મોટી ઘાતમાંથી પુત્રનો બચાવ થયો તે નિમિત્તે દાન તથા બ્રહ્મભોજન વગેરે ઘણાં પુણ્યનાં કામો કરવા માંડ્યાં. ગોવાળિયાઓએ ગાડાને ઠીકઠાક કરીને પ્રથમ જેમ હતું તે પ્રમાણે પાછું ઊભું કરી દીધું. ઉપસ્થિત સુપાત્ર બ્રાહ્મણો પર સંપૂર્ણ વિશ્વાસ મૂકી નંદે બાળકૃષ્ણને તેમની ગોદમાં લીધા. ત્યાર બાદ બ્રાહ્મણોએ શ્રીકૃષ્ણનાં અંગ પર વેદમંત્રોના પવિત્ર ઉચ્ચારણ વડે પવિત્ર કરાયેલા ઔષધિવાળા જળથી અભિષેક કરી, સ્વસ્તિવાચન કરી, હોમ વગેરેથી દેવતાઓને તૃપ્ત કર્યા.

આ લીલાનું તાત્પર્ય સમજીએ તો મનુષ્યનું જીવન એ ગાડું છે. આ ‘જીવન ગાડા’ના સારથિ શ્રીકૃષ્ણ છે. ઈન્દ્રિયો ‘ઘોડા’ છે અને શરીર ‘રથ’ છે. જે મનુષ્યના શરીરરથના સારથિ ઈશ્વર બનતા નથી તેના સારથિ તેનું મન બને છે અને ઊંધું પડે તેમાં શું આશ્ચર્ય? જેના જીવનમાં ભક્તિ મુખ્ય છે, તેના જીવનમાં ભોગ ગૌણ થઈ જાય છે. જીવનનું લક્ષ્ય હંમેશાં પરમાત્માપ્રાપ્તિનું જ હોવું જોઈએ. જે લક્ષ્ય ભૂલે છે તેણે ચોર્યાસી યોનિના ચક્કરમાં પડવું જ પડે છે. અહીં યશોદાજી ઉત્સવના દિવસે ભગવાનને ભૂલી ગયાં અને લૌકિક કાર્યોને અને વ્યવહારને પ્રાધાન્ય આપ્યું. મનુષ્ય ભલે સારું કર્મ કરે પરંતુ એ કાર્ય કરતા ભગવાનને ભૂલે તો અભિમાન વધે. યશોદાજી લાલાને ભૂલી ગયાં એટલે આ વિપત્તિ આવી.

‘શકટાસુર’ એ કામ, ક્રોધ અને લોભનું પ્રતીક છે અને દહીં, દૂધ, માખણ વગેરે વિષયોના પ્રતીકરૂપ છે કે જે ઈન્દ્રિયોને વશમાં કરી લે છે. આવાં આસુરી તત્ત્વો મનમાં પ્રવેશી છાતી પર ચઢી નહિ જાય તેના માટેનો ઉપાય બતાવતા એક સંતે કહ્યું છે કે જયારે આ લીલા થઈ ત્યારે શ્રીબાળકૃષ્ણ ૧૦૮ દિવસના હતા. માળાના મણકા પણ ૧૦૮ હોય છે માટે માળાને હાથમાં લઈ ભગવાનનું નામ જપતા રહીએ તો ‘શકટાસુર’ જેવા ઈન્દ્રિયોને વશમાં કરી દેનારાં તત્ત્વો મનનો કબજો નહિ કરી શકે. (ક્રમશઃ)